# RESEARCH METHODOLOGY IN SOCIAL SCIENCES

## UGC Sponsored National Seminar

Jointly Organized by

## Charutar Vidya Mandal's

H. M. Patel Institute of English Training and Research (HMPIETR)
P. O. Box : 32, Vallabh Vidyanagar - 388 120
Tel : (02692) 230193, Email: hmpietr@yahoo.com

Centre for Studies and Research on Life and Works of Sardar Vallabhbhai Patel (CERLIP)
Opp. Bhaikaka Library, Vallabh Vidyanagar - 388 120
Tel: (02692) 233191 Email: cerlipindia@gmail.com

# યુજીસી-અનુદાનિત રાષ્ટ્રીય પરિસંવાદનું આમંત્રણ

## સમાજવિજ્ઞાનમાં સંશોધન પધ્ધતિઓ(૧ અને ૨ જુલાઈ ૨૦૧૧, વલ્લભ વિદ્યાનગર)

**સ્નેહીશ્રી,** ૧૪ જૂન ૨૦૧૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સરદાર પટેલ યુનિવર્સિટીસંલગ્ન **એચ.એમ.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ** તથા **સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વકર્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સેરલિપ)**ના સંયુકત ઉપક્રમે આગામી ૧ અને ૨ જુલાઈ ૨૦૧૧ના રોજ વલ્લભ વિદ્યાનગર ખાતે દ્વિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદને યુજીસીની માન્યતા તથા આર્થિક અનુદાન પ્રાપ્ત થયેલાં છે.

વિજ્ઞાન વિદ્યાશાખામાં તો પરાપૂર્વથી સંશોધન પધ્ધતિઓનું મહત્ત્વ સમજાયું અને સ્વીકારાયું છે જ, પરંતુ માનવવિદ્યા શાખાઓમાં વિશેષ કરીને સમાજવિજ્ઞાન ક્ષેત્રે પણ સંશોધનકર્તાએ પોતાનું કાર્ય પધ્ધતિસર અને સમાજોપયોગી દષ્ટિકોણને કેન્દ્રમાં રાખીને કરવું આવશ્યક છે. આમ થવા માટે જે નવું જ્ઞાન સર્જિત કરવાનું છે તેને પ્રમાણિત કરવા માટે વિશ્વકક્ષાએ સ્વીકારાયેલી એવી કાર્યપધ્ધતિનો અમલ થાય તે આવશ્યક છે.

એમ.ફિલ. તથા પીએચ.ડી.નો અભ્યાસ હાથ ધરનારા આપણા સંશોધકો તથા અધ્યાપકોમાં આ વિષયની જાગૃતિ આવે તથા તેની યોગ્ય સમજ કેળવાય તે માટે રાષ્ટ્રીયકક્ષાના માર્ગદર્શકોને આમંત્રણ આપી પરિસંવાદમાં ચર્ચાનું ધોરણ ઉચ્ચસ્તરનું રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા સંશોધકો અને અધ્યાપકોએ નીચે જણાવેલા સરનામે **તા.૨૮ જૂન ૨૦૧૧** સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું.

અનુસ્નાતક તથા એમ.ફિલ / પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન ફી રૂા. ૧૫૦/- રહેશે. જયારે અધ્યાપકો તથા અન્ય પ્રતિભાગીઓ માટે રજિસ્ટ્રેશન ફી રૂા. ૩૦૦/- રહેશે. પ્રતિભાગીઓના નિવાસ તથા ભોજનની વ્યવસ્થા રજિસ્ટ્રેશન ફી માં સામેલ છે.રજિસ્ટ્રેશન ફી તથા ફોર્મ જે તે કોલેજ / યુનિવર્સિટીના વડા મારફત અથવા વ્યકિતગતરીતે **CERLIP,Vallabh Vidyanagar** ના નામે વલ્લભ વિદ્યાનગરની કોઈપણ બેંક ખાતે સ્વીકાર્ય એવો ડિમાન્ડ ડ્રાફટ નીચેના સરનામે મોકલવો. સેરલિપ ખાતે રોકડ રકમ ભરીને પણ નોંધણી કરાવી શકાશે.

**નિયામકશ્રી : સેરલિપ,**
સીવીએમ બંગલો-૧૮, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
ફોન : (૦૨૬૯૨)-૨૩૩૧૯૧, મો.૯૮૯૮૫ ૪૩૮૮૧, ઈમેઈલ : ugc.nationalseminar@gmail.com

પરિસંવાદમાં સીમિત સંખ્યામાં પ્રતિભાગીઓ લેવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવવા અનુરોધ છે. વળી **પ્રતિભાગીઓ દ્વારા પાઠવવામાં આવનાર સંશોધન દરખાસ્તો(રિસર્ચ પ્રપોઝલ્સ)માંથી નિષ્ણાતોની સમિતિ પાંચ ઉચ્ચ ગુણવત્તાયુકત દરખાસ્ત પસંદ કરશે. આ દરખાસ્તોને ખાસ સત્રમાં રજૂ કરવાની તક આપવા ઉપરાંત પુરસ્કૃત કરાશે.** યથાશીઘ્ર રજિસ્ટ્રેશન કરાવવા સંબંધિતોને અનુરોધ છે.

**રાજેન્દ્રસિંહ જાડેજા** **હરિ દેસાઈ**
સંવાહકો : યુજીસી-અનુદાનિત રાષ્ટ્રીય પરિસંવાદ